
## ૫ મારે તો બસ રમવું છે

B2R1T5

### ચાલો, ગાઈએ ગીતડું :



ગોળ ગોળ ધાણી...
કિત્તે કિત્તે પાણી...
ઘૂંટણ સુધી પાણી...
ગોળ ગોળ ધાણી
કિત્તે કિત્તે પાણી
કમર સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કિત્તે કિત્તે પાણી
ખભા સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કિત્તે કિત્તે પાણી
આંખો સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કિત્તે કિત્તે પાણી
માથા ઉપર પાણી...



પહેલાં સમૂહમાં ઝીલગાન કરાવો, ત્યાર બાદ આ રીતે અભિનય સાથે ગવડાવો :

| | |
|---|---|
| શિક્ષક : | ગોળ ગોળ ધાણી |
| વિદ્યાર્થી : | કિત્તે કિત્તે પાણી |
| શિક્ષક : | ઘૂંટણ સુધી પાણી |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બધા વિદ્યાર્થીઓ ઘૂંટણ સુધીના પાણીમાં ચાલવાનો અભિનય કરશે અને સમૂહમાં ગાશે “ઘૂંટણ સુધી પાણી...”. આ રીતે ગીતડું આગળ ચાલશે. ત્રણ-ચાર વખત પછી શિક્ષકની ભૂમિકા બીજો કોઈ વિદ્યાર્થી લે અને ગવડાવે.

## જુઓ... વાંચો... ભજવો.

### હું તરસ્યો કાગડો

| | વાર્તા | અભિનય | |
|---|---|---|---|
|  | ૧. એક તરસ્યો કાગડો પાણી શોધવા આમતેમ ફરતો હતો. | વાંકા વળી કૂદકા મારી આમતેમ પાણી શોધો. |  |
|  | ૨. એટલામાં તેણે કુંજો જોયો. | ખુશ થઈને દોડો. |  |
|  | ૩. કાગડાએ કુંજામાં ચાંચ બોળી પણ પાણીને અડકી નહીં. | ઘૂંટણભેર બેસી માથું નમાવી મોં ઉપર દુઃખનો ભાવ લાવો. |  |
|  | ૪. કાગડો વિચારમાં પડી ગયો પણ તે નિરાશ થયો નહિ. | વિચાર કરતા હોય તેમ કરી ફરો. |  |
|  | ૫. કાગડાએ નીચેથી કાંકરા વીણ્યા. એક પછી એક કુંજામાં નાખ્યા. | નીચે નમી કાંકરા વીણો, પછી કુંજામાં કાંકરા નાખો. |  |
|  | ૬. કુંજાનું પાણી ઉપર આવ્યું. કાગડાએ ચાંચ બોળી ધરાઈને પાણી પીધું. | મોં લંબાવી પાણી પીઓ. |  |
|  | ૭. કાગડો કા...કા કરતો ઊડી ગયો. | હાથ ઊંચા કરી કા...કા કરતાં ચાલ્યા જાઓ. |  |

બધાં બાળકોને હાવભાવ સાથે ગવડાવો.

**ઊંડું પાણી કુંજામાં ઊંચે લેવા કાજ,**
**કાંકરા નાખી કાગે, પાણી પીધું આજ.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા કહો અને જુદા જુદા વિદ્યાર્થીઓને અભિનય કરવાનો મોકો આપો. એક વિદ્યાર્થી વાર્તા કહે અને બીજો અભિનય કરે તેવી જોડી બનાવો.

## વાતચીત :

૧. તમે કાગડો બન્યા ત્યારે તમને શું કરવાની મજા આવી ?
૨. કાગડો બનીને તમે શું શું કર્યું ?
૩. કાંકરા ન મળે તો તમે કેવી રીતે પાણી પીઓ ?
૪. પાણી કેટલી રીતે પિવાય ?
૫. ચકલી કુંજામાંથી પાણી કેવી રીતે પીએ ?
૬. કાગડો બનીને આ વાર્તા કોણ કહેશે ?
૭. બધાં કા...કા...કા બોલો અને આમતેમ જુઓ.

## વાર્તા પૂરી કરો :

એક હતો ______. તેને ખૂબ ______ લાગી હતી. તે ______ શોધતો હતો. એટલામાં તેણે એક ______ જોયો. કાગડાએ કુંજામાં ______ બોળી પણ પાણીને અડકી નહીં. કાગડાએ નીચેથી ______ વીણ્યા. એક પછી એક કુંજામાં નાખ્યા. કુંજાનું પાણી ______ આવ્યું. કાગડાએ પાણી ______ અને કા કા કરતો ______ ગયો.

## શબ્દો ગોઠવીને વાંચો :

૧. ચાંચ કાગડાએ બોળી કુંજામાં.
૨. વીણ્યા નીચેથી કાગડાએ કાંકરા.
૩. કુંજામાં પથ્થર કાગડાએ નાખ્યા.
૪. ઉપર કુંજામાં પાણી આવ્યું.
૫. કા કા કરતો ઊડી ગયો કાગડો.
૬. હતો આ હોશિયાર ખૂબ કાગડો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો. ચોકઠામાં ચિત્ર દોરો :

- [ ] કાગડાએ કુંજામાં કાંકરા નાખ્યા.
- [ ] કાગડાએ પાણી પીધું.
- [ ] કુંજામાં પાણી ઓછું હતું.
- [ ] કાગડો પાણી શોધતો હતો.
- [ ] કુંજામાં પાણી ઊંચે આવ્યું.
- [ ] કાગડાએ એક કુંજો જોયો.

કુંજો

કાગડો

ઊડતો કાગડો

## ગીત ગાઓ :

આટાપાટા, ગિલ્લીદંડા કાં તો સંતાકૂકડી,
સંતુબેની ચાલો રમવા, અમે બનાવી ટુકડી.
'લંગડીમાં હું સૌને પકડું' ફાંકો રાખતી નીલમ,
આજ એને હંફાવી દઈએ ઉતારીએ એની ફિલમ,
એક પગે લંગડી ના ફાવે ? આમલીપીપળી રમશું,
ખિસકોલીની જેમ પછી સહુ ડાળે ડાળે ભમશું.
જો કોઈ તારી પાસે આવી કહેશે, 'ચલકચલાણી.'
શૈલાને ચીંધીને કહેજે : 'પેલ્લે ઘેર ધાણી.'
રમતાં - ભમતાં થાકીશું નહીં ને પરસેવે ના'શું.
પછી જઈને તળાવકાંઠે, ધમ્મ ધુબાકા મારશું.
મમ્મીને કહી દઉં છું કે નહીં કરતી ચિંતા ખોટી,
સંતુબેન તો મારી સાથે રમતાં થાશે મોટી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જુઓ અને લખો :

૧. નીલમ -

૨. ફિલમ -

૩. ચલક -

૪. ધુબાકા -

૫. ગિલી -

૬. પેલે -

## જુઓ, લખો અને વાંચો :

૧. ભાવેશ -

૨. રાકેશ -

૩. ગોપાલ -

૪. જલેબી -

૫. નીલા -

૬. ભૂમિકા -

## તમારા છ મિત્રોનાં નામ અહીં લખો.

૧.

૨.

૩.

૪.

૫.

૬.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આવાં વાક્ય તમે બનાવી શકો ?

ઉદાહરણનાં વાક્યોનું વિદ્યાર્થીઓને સમૂહમાં મોટેથી ઝીલવાચન કરાવો અને તે વાક્યો આપેલી જગ્યામાં લખો.

→ અમે ગોધરા ગયાં.

⇒

→ તમે નદીસર જોયું ?

⇒

→ ફત્તેસિંહે ફાટક બંધ કર્યું.

⇒

→ અજબ જેવી વાત છે!

⇒

→ બાબુભાઈએ બકરી પાળી.

⇒

→ અમે મેળામાં ખૂબ મજા કરી.

⇒

## વાંચો :

આ વાક્યો મોટેથી વાંચો. ત્યારબાદ એક એક વાક્યનું સમૂહમાં ઝીલવાંચન કરાવો. લીટી દોરેલો શબ્દ આવે ત્યારે વિદ્યાર્થીઓ પાટલી પર હાથ પછાડશે. ત્યારબાદ વિદ્યાર્થીને વારાફરતી ઊભા થઈને મોટેથી શબ્દ વાંચવા કહો.

૧. કાગડો તરસ્યો હતો. કુંજામાં પાણી ઓછું હતું. પછી કાગડાએ યુક્તિ કરી.

૨. ફૂલસિંગનો ફટાકડો ફટ્ટાક દઈને ફૂટ્યો.

૩. ભરતપુરનો ભવ્ય ભટ્ટ લાડવા કરે સફાચટ્ટ !

૪. જગ્ગુ જુઠ્ઠું બોલ્યો એટલે તન્નુએ તેની કિટ્ટા કરી.

૫. મમ્મીએ ચુન્નુને તડકામાં રમવાની ના પાડી હતી. ચુન્નુ તડકામાં રમીને આવ્યો. મમ્મીએ ગુસ્સે થઈ કહ્યું, ''ચુન્નુ, તું જક્કી છે !''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. ત્રિશાએ પપ્પા પાસે સો રૂપિયા માગ્યા. પપ્પાએ તેને ફક્ત પચાસ રૂપિયા આપ્યા.

૭. દાદા દરરોજ કૃષ્ણમંદિરે જાય છે. તે કૃષ્ણના ભક્ત છે.

૮. આપણા રાજ્યનું નામ ગુજરાત છે.

૯. મારા કાકા ધનસુખલાલ ગજ્જર ધનાઢ્ય માણસ છે. તેમની પાસે ખૂબ પૈસા છે. તેઓ હંમેશાં ઍરોપ્લેનમાં પ્રવાસ કરે છે.

૧૦. હું શાળાએ જઈ શકું તેમ નથી. મેં શિક્ષકને રજાચિઠ્ઠી આપી છે.

## લીટી દોરેલા શબ્દો લખો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ :

ગીતનું ગાન અને સમૂહગાન કરાવો.



### અમે રેતીમાં રંગભેર...

અમે રેતીમાં રંગભેર રમતાં હતાં
અમે ભાઈ-બહેન સૌને ગમતાં હતાં.
અમે બાગબગીચે રમતાં હતાં,
અમે ખીલેલાં ફૂલડાં સૂંઘતાં હતાં.
અમે રેતીમાં .....

અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં,
ઝીણા ટમટમતા તારલિયા ગણતાં હતાં.
અમે રેતીમાં .....

અમે નદી તળાવે ફરતાં હતાં,
પાણી દેખીને તરવા પડતાં હતાં.
અમે રેતીમાં .....

અમે માટીના કૂબા કરતાં હતાં,
તે જોઈ આનંદે નાચતાં હતાં.
અમે રેતીમાં .....



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

- તમને આમાંથી શું કરવું બહુ ગમે ?
- ગીતના જે શબ્દ યાદ હોય તે બોલો.
- ફૂલડાંવાળી લીટી વાંચી અભિનય કરો.
- તારલિયાવાળી લીટી ગાઈ અભિનય કરો.
- 'અમે' એટલે કોણ કોણ ?
- તમે રમવા માટે ક્યાં ક્યાં જાઓ છો ?

## ગીતમાંથી શોધો :

- સાચું શું ? √ કરો.

☐ અમે ફૂલડાં તોડતાં હતાં.

☐ અમે ફૂલડાં સૂંઘતાં હતાં.

☐ અમે તારા તોડતાં હતાં.

☐ અમે તારા ગણતાં હતાં.

☐ અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં.

☐ અમે તારાની ચાંદનીમાં રમતાં હતાં.

☐ અમે માટીનાં ઘર બનાવતાં હતાં.

☐ અમે માટીના ડુંગરા બનાવતાં હતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્રની બાજુમાં વાક્યનો ક્રમ લખો :

૧. છોકરા અને છોકરીઓ વૉલીબૉલ રમે છે.

૨. અમૃત અને અમૃતા ડિશ રમે છે.



૩. દર્શન અને દર્શના રેતીમાંથી ઘર બનાવે છે.

૪. સૃષ્ટિ અને કૃપેશ ફરકડી ફેરવે છે.

૫. દરિયામાં ઘણું પાણી છે.

૬. દૂર એક હોડી જઈ રહી છે.

વર્ગમાં જુદાં જુદાં ફૂલ લાવી તેમનો પરિચય કરાવો. વિદ્યાર્થીઓને વારાફરતી ફૂલ સૂંઘવા આપો. હવે એક વિદ્યાર્થીને આંખો બંધ કરાવી બે ફૂલ આપો. તે સૂંઘીને એક ફૂલ ઓળખી કાઢે તો એક પૉઇન્ટ, અને બન્ને ઓળખી કાઢે તો બે પૉઇન્ટ એમ ગણતરી બોર્ડ પર લખતા જાઓ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**તમને ગમતાં ફૂલ દોરો :** અહીં ચાર ફૂલ દોરો અને તેના રંગ કરતાં જુદા રંગો પૂરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો રમીએ....

૧. શું જોઈશે ? - એક દડો



- એક દડો લો.



- તેને હવામાં ઉછાળો.



- દડો પાછો આવે ત્યારે ઝીલી લો.

- ફરી દડો ઉછાળો અને ઝીલો.
  તમે કેટલી વાર દડો ઉછાળીને ઝીલી શક્યા ?

શબ્દમાં લખો.

૨. શું જોઈશે ? - વીસ લખોટી અથવા વટાણા



- ત્રણ ત્રણની ટીમ બનાવો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- થાળીમાં લખોટીઓ મૂકો.



- પહેલી બે આંગળીથી લખોટી પકડી થાળીમાંથી ડબ્બામાં નાખો.





- કઈ ટીમે પહેલાં બધી લખોટીઓ ડબ્બામાં ભરી દીધી ? તે ટીમના સભ્યોનાં નામ લખો :


- **ચાલો, ગાઈએ ગીતડું :** ગોળગોળ ધાણી


**ચિત્રને તેની સૂચના પાછળ લાગુ પડતા ચિત્રના નંબર લખો. ત્યાર બાદ તે મુજબ રમો :**













- દેડકાની જેમ દોડો. (    )
- લંગડી લઈને દોડો. (    )
- મિત્રના ખભે હાથ મૂકી સાથે દોડો. (    )
- હાથ હલાવ્યા વગર દોડો. (    )
- એક હાથ અને બે પગે દોડો. (    )



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને રમો :



૧. મેદાનમાં / વર્ગમાં એક ગોળ દોરો.
૨. રૂમાલ લટકતો રહે એમ પોતાના જમણા પગ સાથે બાંધો.
૩. વર્તુળમાં ચાલવાનું શરૂ કરો.
૪. બીજાના રૂમાલ પર પગ મૂકવાનો પ્રયત્ન કરો.
૫. જેનો રૂમાલ બીજાના પગ નીચે આવી જાય તે આઉટ ગણાય.

- છેલ્લે સુધી કોણ આઉટ ન થયું ?

આ રમત માટે વિદ્યાર્થીઓનાં પાંચપાંચનાં જૂથ બનાવો. તેમની જાતે જ વાંચીને રમવા કહો. સૂચના મુજબ ન રમે તો તે ટુકડીને ફરી વાંચવા કહો. બે-ત્રણ દિવસ રમાડો.

## વાતચીત :

- રમવાની મજા આવી ? શાની મજા આવી ?
- રમત રમવા માટે પહેલાં શું કર્યું ? પછી શું કર્યું ?
- કોણ પડી ગયું હતું ?

## મિત્રો સાથે મળી નીચેની સૂચનાઓની ચિઠ્ઠીઓ બનાવો.

૧. ચાર કૂદકા મારો.
૨. કમર પર હાથ મૂકી પાંચ ડગલાં ચાલો.
૩. સ્કૂટર ચલાવો.
૪. બન્ને ઘૂંટણ પર હાથ રાખી ચાલો.
૫. દેડકાની જેમ દોડો.
૬. કાર ચલાવો.
૭. ત્રણ તાળી પાડો.
૮. અવળા પગે ચાલો.

- બધી ચિઠ્ઠીઓ વાળીને ભેગી કરો. વારાફરતી ચિઠ્ઠી ખેંચો. જેની ચિઠ્ઠીમાં જે આવે તે મુજબ કરો. બાકીના મિત્રો તે ઓળખી કાઢશે.

પહેલાં બધી ચિઠ્ઠીઓની ક્રિયાઓનો પરિચય વિદ્યાર્થીઓને કરાવો. વર્ગ/મેદાનની સ્થિતિ મુજબ અન્ય ક્રિયાઓની ચિઠ્ઠી પણ બનાવી શકો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## છૂટું પાડો અને લખો :

કબડ્ડી, ખોખો, લંગડી, ક્રિકેટ, પકડદાવ, સંતાકૂકડી, હૉકી, ચેસ, કૅરમ, પત્તાં, ચોર-પોલીસ, ગિલ્લીદંડા, લખોટી, નદી-પર્વત, સાતોડિયું, સાપસીડી, અંતકડી, દેડકાકૂદ, ગાંધીજી કહે, ઘર-ઘર.

| ના ગમે | ઓછું ગમે | ખૂબ ગમે |
| --- | --- | --- |
| | | |
| | | |
| | | |
| | | |

## શબ્બીરને પકડદાવ રમવાનું ખૂબ ગમે. તેણે પકડદાવ વિશે લખ્યું તે વાંચો. હવે તમને ગમતી રમત વિશે આપેલી ખાલી જગ્યા પૂરો.

| શબ્બીર | |
| --- | --- |
| મારું નામ શબ્બીર છે. મને પકડદાવ ખૂબ ગમે. અમે છ ભાઈબંધો રમીએ છીએ. જેનો દાવ તે બીજાને પકડે. અમે બધા દોડીએ છીએ. જે પકડાય તે દાવ દે છે. | મારું નામ ______ મને ______ ખૂબ ગમે. અમે ______ મિત્રો મળીને તે રમીએ છીએ. ______ ______ ______ |

**શબ્બીરના પપ્પા નાના હતા ત્યારે ''અંખી-પંખી'' રમતા :**

તેમાં એક કહે, ''અંખી પંખી...''

બીજો કહે, ''ડાબા ડંખી...''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પહેલો પૂછે, ''આટલા આટલામાંથી ગરોળી બતાવો.''

બીજો ગરોળી શોધી કાઢે તો તે ''અંખી પંખી...'' એમ બોલે ને રમત આગળ ચાલે.

**તમે બધાં મોટેરાંને પૂછ્યું કે તેઓ નાનાં હતાં ત્યારે કઈ કઈ રમતો રમતાં હતાં ? પૂછો અને લખો :**

| મમ્મી | પપ્પા | દાદા | દાદી | શાળાના આચાર્ય |
|---|---|---|---|---|
| | | | | |

તેમને તેમાંથી કોઈ પણ બે રમતો કેવી રીતે રમતાં તે પૂછો. તેમાંથી કોઈ એક રમત બધાંને શીખવો.

- બે દેશો વચ્ચે રમત રમાય ત્યારે બન્ને દેશોનાં રાષ્ટ્રગીતનું ગાન થાય છે. તમને ખબર છે આપણા દેશનું રાષ્ટ્રગીત કયું છે ?

તમારા શિક્ષક તમને રાષ્ટ્રગીત ગાતાં શીખવશે. તે સમૂહમાં ગાઓ.

## રાષ્ટ્રગીત

જન ગણ મન અધિનાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
પંજાબ સિંધુ ગુજરાત મરાઠા
દ્રાવિડ ઉત્કલ બંગ
વિંધ્ય હિમાચલ યમુના ગંગા
ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જયગાથા
જન ગણ મંગલદાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
જય હે જય હે જય હે
જય જય જય જય હે !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in